| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૮/૦૯/૨૦૨૩ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## મિલ્કત સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ (૧) કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૫૨૬/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪ મુજબ (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૦૬૮૭/૨૦૨૨ ઇ.પી.કો કલમઃ ૩૭૯, ૧૧૪ મુજબ (૩) વાડજ પો.સ્ટે.ગુ.ર. નં.૧૧૧૯૧૦૨૩૨૩૦૧૨૯/૨૩ ઇ.પી.કો કલમઃ ૩૭૯, ૧૧૪ મુજબ ગુનાઓના કામના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૫૦૭/૨૦૨૩ તા-૧૭/૦૯/૨૦૨૩ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૧૭/૦૯/૨૦૨૩ ના કલાક-૧૯/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા-૧૭/૦૯/૨૦૨૩

### આરોપીનુ નામ -

અશોક ઉર્ફે મંગના લક્ષ્મણદાસ અહારી ઉ.વ.૨૧ રહે:દેવસોમનાથ ફલા, ધોડી આમલી, થાના-દોવરા, તા.જી.ડુંગરપુર રાજસ્થાન

### કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ. પર્સનલના હે.કો.ગજેન્દ્રસિંહ રુપનસિંહ બ.નં.૮૪૨૨ તથા હે.કો. અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા તથા પો.કો. શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૪૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૩૯ લીટર દેશી દારૂ, ૬૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૪૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૫૪૩/૨૦૨૩

**મણીનગરઃ** શિવનારાયણ વા/ઓ વિશ્વનાથ યાદવ (ઉ.વ.૬૩) (રહે. રત્નદીપનગરનાં છાપરાં વિકાસમંડળ સામે બહેરામપુરા કાગડાપીઠ) એ તા.૧૭/૦૯/૨૦૨૩ નાઅ રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૯/૨૦૨૩ સાંજના ૬/૦૦ થી ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મણીનગર રેલ્વે સ્ટેશન બહાર એક અજાણી સ્ત્રી શિવનારાયણની રીક્ષામાં બેસી રખીયાલ ચાર રસ્તા પાસે મંદીરે દર્શન કરી પરત આવી પ્રસાદનો પેંડો શિવનારાયણને ખવડાવી ત્યાંથી નાના ચીલોડા લઈ ગયેલ. જ્યાં શિવનારાયણ બેભાન થઈ જતા, પેસેન્જરના સ્વાંગમાં આવેલ સ્ત્રીએ શિવનારાયણનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૫,૦૦૦/-, સોનાની વીંટી કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- અને ખિસ્સામાં મુકેલ ડ્રાઇવીંગ લાયસન્સ અને રોકડ રૂપિયા ૯૦૦/- ચોરી કરી લઈ નાસી ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

## સોનાની ચેઇન ઝુટવી લઈ નાસી ગયાઃ- સમાચાર યાદી નં.૧૫૪૪/૨૦૨૩

**ચાંદખેડાઃ** પાર્થ સ/ઓ ઉદયનભાઇ પંડ્યા (ઉ.વ.૪૩)(રહે.સોપાન હાઇટ્સ પોદાર સ્કુલ સામે ચાંદખેડા) એ તા.૧૭/૦૯/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૮/૨૦૨૩ કલાક ૫/૧૦ વાગ્યાના સુમારે ચાંદખેડા એ.એમ.સી. ઓફીસ સામે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ પાર્થભાઇના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૫૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રિયંકાબહેન ધીરુભાઇ ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૫૪૫/૨૦૨૩

**સોલા હાઇકોર્ટઃ** ગૌતમભાઈ ગણેશભાઈ પરમાર (ઉ.વ.૩૫)(રહે.સંતરોહીદાસનગર અર્બુદાનગરની બાજુમાં ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૯/૨૦૨૩ સવારના ૯/૦૦ થી ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સીકંદર જશુભા ચલાવે છે.

**શાહપુરઃ** અશોકભાઈ બળવતભાઈ વાળા (ઉ.વ.૬૦)(રહે.ભરડીયાવાસ ખાનપુર) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૯/૨૦૨૩ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરાવામા આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૦૯/૨૦૨૩ કલાક ૯/૨૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકુંદસિંહ નટવરસિંહ ચલાવે છે.

**દાણીલીમડાઃ** મોહમદઅખ્તર મોહમદસીદ્દીક શેખ (ઉ.વ.૫૩)(રહે.નાગોરીની ચાલી શફી મંજીલ શાહઆલમ દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરાવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૦૯/૨૦૨૩ કલાક ૧/૨૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રરાગભાઇ પ્રફુલચન્દ્ર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી